# M.P. SHAH EDUCATION SOCIETY , KADI

# CNBD

## C.N. ARTS & B.D. COMMERCE COLLEGE

## H.N.G.U. – PATAN

# UNIT-2

1. **જે.બી.સે નો નિયમ સવિસ્તાર સમજાવો.**

**( અથવા )**

1. **(પુરવઠો તેની માંગ સ્વયમ સર્જે છે. )**

**પ્રસ્તાવના, (Introduction)**

ઈ.સ. 1767 માં જન્મેલા અને 1832 માં સ્વર્ગસ્થ થયેલા ફ્રાન્સના અતિ જાણીતા અર્થશાસ્ત્રી જે.બી. સે (Jean Baptise Say ) છે. તેમનું પુસ્તક (Treatise on Political Economy) અર્થશાસ્ત્રમાં ખૂબ જાણીતું છે. તે પુસ્તકમાં વ્યક્ત કરેલા વિચારો ક્લાસિકલ અર્થશાસ્ત્રમાં પાયાના વિચારો તરીકે ઓળખાય છે. હકીકતમાં ' SAY ' ના બજાર અંગેના નિયમના પાયા પર ક્લાસીકલ અર્થશાસ્ત્રની આખી ઇમારત રચાયેલી છે.

## જે. બી. સે નો બજાર અંગેનો નિયમ

"વસ્તુનો કુલ પુરવઠો અને તેઓની કુલ માંગ અનિવાર્ય રીતે સરખી થઈ રહી છે. કેમ કે, જે બધી ચીજો ઉત્પન્ન થયેલી હોય છે તે જ કુલ માંગ છે. પરિણામે સમગ્ર રીતે વસ્તુઓનું વધારે પડતું પ્રમાણ હોવું અસંભવિત છે."

" પુરવઠો તેની માંગ સ્વયં સર્જે છે."( Supply Creates its Own Demand ) આ નિયમ અર્થશાસ્ત્રમાં બજારો અંગેના 'Say' ના નિયમ તરીકે જાણીતો છે.

## નિયમની ધારણાઓ (શરતો )

1. દેશમાં પ્રજા ઉત્પાદન પોતાના વપરાશ તેમજ વિનિમયના હેતુ માટે કરે છે.
2. નાણું એ વિનિમયના માધ્યમ તરીકે કાર્ય કરે છે.
3. અર્થતંત્રમાં પૂર્ણ હરીફાઈ પ્રવર્તમાન છે.
4. ઉત્પાદનના બધા સાધનો ગતિશીલતા ધરાવે છે.
5. વ્યાજનું દર બચત અને મૂડીરોકાણ વચ્ચે સંતુલન સ્થાપવાનું કાર્ય કરે છે.

# જે. બી. સે ના નિયમની સમજૂતી.

**નિયમની રજૂઆત બે પદ્ધતિ દ્વારા થાય છે.**

- **(A)સાટા પદ્ધતિ**
- **(B) નાણાં પદ્ધતિ**

## (A) સાટા પદ્ધતિવારા અર્થતંત્રમાં જે. બી. સે નો નિયમ

સાટા પદ્ધતિ દ્વારા અર્થતંત્રમાં ચીજ વસ્તુઓનો જેટલો પુરવઠો વધે એટલા પ્રમાણમાં માંગનું સર્જન થાય છે. ઉત્પાદક કોઈપણ વસ્તુનું ઉત્પાદન કરે ત્યારે તે પોતે ઉત્પન્ન કરેલી ચીજોમાંથી કેટલીક ઘર વપરાશ માટે રાખે છે અને બાકીની અન્ય લોકોને કે જેને તેની જરૂર હોય છે તેમને આપીને બદલામાં બીજી ચીજો મેળવવામાં આવે છે. આમ, બંને રીતે ચીજોની માંગ સર્જાય છે જે તેના પુરવઠા બરાબર હોય છે.

**ઉ.દા.**

ખેડૂતોએ 10 મિલિયન ટન અનાજ ઉત્પન્ન કર્યું હોય અને બે મિલિયન ટન અનાજ ઘર વપરાશ માટે તથા બી માટે રાખે તથા આઠ મિલિયન ટન અનાજ કાપડ તથા ઘી ના બદલામાં કોઈને આપે તો,

10 મિલિયન ટન = અનાજનો પુરવઠો

10 મિલિયન ટન = અનાજની માંગ બે મિલિયન ટન માંગ ખેડૂતો પોતે કરે છે +
આઠ મિલિયન ટન માં કાપડ અને ઘી વેચનારા કરે છે.

**(B) નાણા પદ્ધતિ વારા અર્થતંત્રમાં જે.બી.સે નો નિયમ**

પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓ એવો મત ધરાવે છે કે, નાણું માત્ર વિનિમય તરીકે કાર્ય કરે છે. અર્થતંત્રમાં જ્યારે વસ્તુઓનું ઉત્પાદન થાય છે, ત્યારે તે ઉત્પાદનને બજારમાં વેચવાથી નાણું પ્રાપ્ત થાય છે. આ નાણાં દ્વારા અન્ય જરૂરી વસ્તુઓ ખરીદવામાં આવતી હોવાથી માંગનું સર્જન થાય છે. આમ, પુરવઠો તેની માંગ સ્વયમ સર્જે છે. આથી અતિ ઉત્પાદનો કે બેરોજગારીનો પ્રશ્ન ઉદભવતો નથી.

ઉ.દા.

ખેડૂત ૧૦૦ મણ ઘઉંનું ઉત્પાદન કરે છે, ૧ મણ ઘઉંનો ભાવ રૂપિયા ૧૦૦ હોય તો પુરવઠા કિંમત ૧૦,૦૦૦ ની સામે ૧૦, ૦૦૦ હજાર રૂપિયા માંગ કિંમત હોવી જોઈએ.

પુરવઠા કિંમત = માંગ કિંમત

રૂ 10,000 = રૂ10,000 માંગ કિંમત હોવી જોઈએ.

રૂ 10,000 = રૂ 3,000 + રૂ 7,000

(ખેડૂત 30 મણ ઘઉં પર વપરાશ માટે + 70 મણ ઘઉં જેને જરૂર હોય તેને વેચે છે.)

જો આ બધી ચીજો બજારકિંમતે વેચાતી હોય કે ન વેચાતી હોય તો ચીજ વસ્તુઓના ભાવ નીચા જવાના તો માંગ વધશે અને બીજી બાજુ પુરવઠો ઘટશે અને અમુક સમયે માંગ અને પુરવઠો સરખા થઈ રહે છે.

**તારણો :-**

1. બજારમાં જેટલું ઉત્પાદન થાય તેટલું વેચાતું હોવાથી તેની માંગ સ્વયં સર્જાય છે.
2. બજારમાં માંગ સ્વયં સર્જાતી હોવાથી સાધન બેકાર હશે તો કામે લાગશે.
3. અર્થકારણમાં બેકારી હોય તો ટૂંકાગાળે નહીં લાંબાગાળે દૂર થશે.
4. 'SAY' ના નિયમ મુજબ અર્થતંત્રમાં અતિ ઉત્પાદન અને બેરોજગારી અસંભવ છે.

## જે.બી.સે ના નિયમની ટીકાઓ અને મર્યાદાઓ

### (A) કુલ માંગ અને કુલ પુરવઠો સરખા ના પણ હોય

કેઈન્સ અને બીજા અર્થશાસ્ત્રીઓ કહે છે અને સાબિત કરે છે કે બજારમાં કે અર્થતંત્રમાં કુલ માંગ કુલ પુરવઠા જેટલી હોતી નથી અને પૂર્ણરોજગારીની સ્થિતિ આવતી નથી. તેથી અર્થતંત્રમાં લાંબા સમયગાળા સુધી ફુગાવો,બેકારી અને મંદી જોવા મળેછે

**(B) પુરવઠો નહીં પણ માંગ મહત્વની છે**

કેઈન્સે એવી ટીકા કરી કે જો બેકારી હોય અને વેતનદર ફેરફારક્ષમ હોય તો પણ પૂર્ણ રોજગારીની સ્થિતિ સ્વયં ન આવે. કેમકે બેકારી વખતે થતાં વેતન ઘટાડાને લીધે વસ્તુની માંગ ઘટે તેથી બેકારી વધે છે. માટે પુરવઠો નહીં માંગ મહત્વની છે.

**(C) જુદી જુદી વ્યક્તિઓ દ્વારા બચત અને મૂડીરોકાણ ન થવાથી**

કેઈન્સના કહેવા મુજબ મૂડીવાદી દેશોમાં વ્યક્તિઓ અને કુટુંબ બચત કરે અને કંપનીઓ મૂડીરોકાણ કરે છે. આથી આવી વિભિન્નતાને કારણે બચત અને મૂડીરોકાણ સરખા થવાના વલણો હોતા નથી.

## (D) ભિન્ન હેતુ માટે બચત અને મૂડીરોકાણ

કેઈન્સના મતે વ્યાજ જેવા હેતુથી બચત અને મૂડીરોકાણ અસર પામતા નથી. કેઈન્સના મતે, બચત નો આધાર આવક છે વ્યાજ નહીં . મૂડીરોકાણ મોટેભાગે મૂડીની સીમાંત કાર્યક્ષમતા પર આધારિત છે. જ્યારે મંદીમાં નીચા વ્યાજદર હોવા છતાં મૂડીરોકાણ કરવાની તૈયારી હોતી નથી જ્યારે ઊંચો વ્યાજદર હોવા છતાં વધુ મૂડીરોકાણની માંગ હોય છે.

## સમીક્ષા :-

આમ પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓએ 'Say' ના નિયમનો સ્વીકાર કર્યો છે. પણ ઉપરોક્ત ખામીઓ ઉપરાંત સંપૂર્ણ હરીફાઈ અને મુક્ત અર્થતંત્ર હોવું એવી ધારણા ને અભાવે 'Say' નો નિયમ સંપૂર્ણપણે સાચો પડ્યો નથી.